# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૦ (A) તા.૧૮-૮-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે હાલમાં ચાલી રહેલા સ્વાઈન ફલુ જેવા રોગચાળાને ધ્યાનમાં વિદ્યાર્થીઓને આરોગ્ય વિષયક, સલામતી તેમજ સ્વચ્છતા અંગે પરિપત્ર નં ૪૮ તા.૨૯-૭-૧૭ના રોજ વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી. તેમ છતાં હજુ કેટલીક શાળાઓમાં આ અંગે કામગીરીમાં જાગૃતીનો અભાવ જોવા મળેલ છે. આવા મુખ્ય શિક્ષકશ્રીઓએ સમયાંતરે કામગીરીનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓનાં સલામતી અંગેના પગલાં લેવા.

શાળા મુલાકાત દરમ્યાન ઘણી શાળાઓમાં દાદર, અગાસી ઉપર કે મેદાનમાં બાદનો સામાન પડેલ જોવા મળેલ છે. જે ગંભીર બાબત છે. આવો બિન જરૂરી ડેડસ્ટોક સામાન નિયમાનુંસાર નિકાલ કરવાની કામગીરી દિન-૨માં પૂર્ણ કરવી.

હાલમાં સ્વાઈન ફલુના રોગચાળાની સામે દરેક શાળામાં અ.મ્યુ.કો. દ્વારા તૈયાર કરવામાં આવેલ વિડીયો ફિલ્મ તથા 'Text મેસેજ' શાળાના વિદ્યાર્થીઓને ૧૫ મી ઓગષ્ટના રોજ જોવા-વંચાવવામાં આવેલ. સમયાંતરે વિડીયો ફિલ્મ બતાવતા રહેવું. બાળકોને તાવ, ખાંસી, ઉધરસ છે કે કેમ તેનું પ્રાથમિક નિદાન કરી તેની દરેક વર્ગ શિક્ષકે ખરાઈ કરી નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરી જરૂરી ઉપચાર કરાવવો.

અ.મ્યુ.કો દ્વારા સ્વાઈન ફલુના રક્ષણ સામે જાગૃતી અર્થે પત્રિકાઓ આપવામાં આવેલ છે જે વાલીઓ સુધી પહોંચાડવી તેમજ પોસ્ટર અને બેનર શાળા કક્ષાએ આપવામાં આવેલ છે તે જાહેર જનતા તથા વાલીઓ જોઈ શકે તે રીતે લગાવવનાં રહેશે. દરેક શાળામાં અ.મ્યુ.કો. દ્વારા આપવામાં આવેલ Sterillium સેનેટાઈઝર કે જે વિદ્યાર્થીઓને હાથ ધોવા માટે છે તે વિદ્યાર્થીઓને સેનિટેશન જઈ આવે તે બાદ હાથ ધોવા માટે અને ભોજન લેતા પહેલાં પણ તેનાથી હાથ ધોઈ ભોજન લે તે માટે સૂચના આપશો. આ ઉપરાંત આ બોટલ ખુટે તો શાળાકક્ષાએ આપવામાં આવેલ શાળા સ્વચ્છતા ગ્રાન્ટમાંથી ખરીદી નિયમિત ઉપયોગ કરવાનો રહેશે.

તા.૧૮-૮-૧૭ ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :-**

**પરિપત્ર નં. ૫૭ (B) તા. ૮-૮-૧૭ પ્રમાણે તા.૨૧-૦૮-૨૦૧૭ના રોજની NAS આધારિત ધો.૩ના શિક્ષકોની તાલીમનો સમય ૧૧-૦૦ થી ૫-૦૦ હતો જેને બદલે સવારે ૭-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. જેની સબંધિત શિક્ષકોને જાણ કરશો.**

**તા.૧૮-૮-૧૭ ડૉ. એલ.ડી.દેસાઈ**
**શાસનાધિકારી**